RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 12 * Issue No. 335 *Date: 26.9.2026,Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 350/-

# વિશ્વભરમાં ઓઈલ સંકટ વચ્ચે મોટો વળાંક, હોર્મુઝ ખોલવા ઈરાને અમેરિકાને આપી '૭ દિવસની ડેડલાઇન'




વિશ્વવ્યાપી ક્રૂડ ઓઈલ સંકટ વચ્ચે એક મોટો રાજકીય અને કૂટનીતિક વળાંક આવ્યો છે. ઈરાને અમેરિકા સમક્ષ હોર્મુઝ જળમાર્ગ ફરીથી ખોલવા અને છેલ્લા લગભગ ૭ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષના કાયમી ઉકેલ માટે વાતચીત શરૂ કરવા ૭ દિવસની નવી યોજના રજૂ કરી છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું કે, તેહરાનની આ નવી દરખાસ્ત જૂન મહિનામાં થયેલા અગાઉના સમજુતી પત્ર જેવી જ છે, જે તે સમયે અમલમાં આવી શકી નહોતી.ઈરાનના મધ્યસ્થીઓએ વ્હાઈટ હાઉસને પોતાની દરખાસ્ત સુપરત કરી દીધી છે. જો આ પ્રસ્તાવ સ્વીકારાય તો પર્શિયન ગલ્ફ અને ઓમાનની ખાડી વચ્ચેનો આ વ્યૂહાત્મક દરિયાઈ માર્ગ એક અઠવાડિયાની અંદર ફરી ખુલી શકે છે, જ્યાંથી દુનિયાનો આશરે પાંચમો ભાગ એટલે કે ૨૦% ઊર્જા પુરવઠો પસાર થાય છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં અરાઘચીએ જણાવ્યું હતું કે, અમે મધ્યસ્થીઓ દ્વારા અમેરિકા સમક્ષ યોજના મૂકી છે. જો નક્કી કરેલી શરતો પૂર્ણ થાય તો ૭મા દિવસના અંતે હોર્મુઝ જળમાર્ગ ખુલી જશે અને બંને દેશો વચ્ચેની સત્તાવાર વાતચીત ફરી શરૂ થશે.ઈરાની વિદેશ મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, તેહરાન કોઈ ઉતાવળમાં નથી, પરંતુ જો અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણી પહેલાં આ કરાર થઈ જાય તો તે વધુ હિતાવહ રહેશે. તેમણે જણાવ્યું કે, જે ક્ષણે અમેરિકન વહીવટીતંત્ર આ દરખાસ્તનો સ્વીકાર કરશે, તેના બીજા જ દિવસથી આ ૭ દિવસની સમયરેખા શરૂ થઈ જશે. જોકે આ નવી દરખાસ્તમાં પરમાણુ મુદ્દાઓનો સમાવેશ છે કે નહીં તે અંગે તેમણે કોઈ સ્પષ્ટતા કરી નથી. અમેરિકા ઈચ્છે છે કે ઈરાન પરમાણુ હથિયારો વિકસાવવા પર કડક નિયંત્રણો સ્વીકારે, જ્યારે ઈરાન પોતાના નાગરિક પરમાણુ કાર્યક્રમને ચાલુ રાખવા પર મક્કમ છે.વાતચીત સાથે સંકળાયેલા એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ નું વહીવટીતંત્ર મધ્યસ્થીઓ મારફતે હકારાત્મક અને રચનાત્મક ચર્ચા ચલાવી રહ્યું છે, પરંતુ અમેરિકા ઉતાવળિયું પગલું ભરવાના મૂડમાં નથી. તેમણે ઉમેર્યું કે હોર્મુઝ જળમાર્ગ પર સુરક્ષા નિયંત્રણ હોવાના કારણે અમેરિકા ખૂબ જ મજબૂત સ્થિતિમાં છે અને ગઈકાલે રાત્રે જ આ માર્ગ પરથી આશરે ૨૨ મિલિયન બેરલ તેલ પસાર થયું છે.ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશિકયાન એ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે આ સંઘર્ષ ક્યારે સમાપ્ત થશે તેનો અંતિમ નિર્ણય અમેરિકાના હાથમાં છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ઈરાન આ તણાવને આગળ વધારવા માંગતું નથી, પરંતુ તે ક્યારેય અમેરિકાના અન્યાયી દબાણ સામે ઝૂકશે પણ નહીં. યુદ્ધ સમાપ્ત કરવાના માર્ગોને લઈને બંને દેશો વચ્ચે હજુ પણ ઊંડા મતભેદો પ્રવર્તી રહ્યા છે.

અમેરિકી પ્રમુખે તાજેતરમાં નિવેદન આપતાં જણાવ્યું હતું કે જો કરાર નહીં થાય તો ઈરાન સામે આકરા પગલાં લઈ શકાય છે.

## અરવલ્લી : એનડીપીએસના ગુન્હામા પેરોલ જમ્પ કરી બે વર્ષથી ફરાર આરોપીને પેરોલ ફર્લો ટીમે દિલ્હીથી દબોચ્યો



શામળાજી પોલીસ સ્ટેશનના એનડીપીએસના ગુન્હામાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં દસ વર્ષની સજા ભોગવતો દિલ્હીનો ડ્રગ માફિયા બે વર્ષ અગાઉ વચગાળાના જામીન લઈને ફરાર થઇ જતા અરવલ્લી જીલ્લા પેરોલ ફર્લો ટીમે બાતમી ના આધારે દિલ્હીમા ધામા નાખી સિવિલ લાઈન માલ રોડ વિશ્વ વિદ્યાલય મેટ્રો સ્ટેશન વિસ્તારમાંથી તેના ઘરેથી દબોચી લઇ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો અરવલ્લી એસ.પી મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પેરોલ જમ્પ કરી ફરાર આરોપીઓને ઝડપી પાડવા ટેકનિકલ એનાલિસિસ અને બાતમીદારો સક્રિય કરતા શામળાજી પોલીસ સ્ટેશનના એનડીપીએસના ગુન્હામાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં દસ વર્ષની સજા ભોગવતો દિલ્હીનો કરણ ઉર્ફે કન્નુ પ્રહલાદસીઘ શર્મા (રહે,બી બ્લોક,આદર્શ એનકલેવ સોસાયટી કાળી માતાજી મંદિર પાસે ભૂરાડી) બે વર્ષ અગાઉ વચગાળાના જામીન લઇ પેરોલ જમ્પ કરી હાલ દિલ્હીના સિવિલ લાઈન માલ રોડ વિશ્વ વિદ્યાલય મેટ્રો સ્ટેશન વિસ્તારમાં રહેતો હોવાની બાતમી મળતા પેરોલ ફર્લો ટીમ દિલ્હી પહોંચી બાતમી આધારિત સ્થળે ત્રાટકી કરણ ઉર્ફે કન્નુ પ્રહલાદસીઘ શર્મા ને દબોચી લેતા છેલ્લા બે વર્ષથી પોલીસને હાથતાળી આપતા ડ્રગ માફિયાના મોતિયા મરી ગયા હતા પોલીસે પેરોલ જમ્પ કરી ફરાર આરોપીને અમદાવાદ મધ્યસ્થ જેલને સુપ્રત કરવા તજવીજ હાથધરી હતી

## અરવલ્લી : મોડાસા સર્વોદય નગરના ખાડામાંથી ૧.૫૮ લાખના ૧૫ મોબાઈલ સાથે યુવકને એસ.ઓ.જી.એ ઝડપ્યો

અરવલ્લી જીલ્લાનુ મુખ્યમથક મોડાસા શહેર ચોરીના અને બીલ વગરના મોબાઈલના વેચાણ અને હેરાફેરી માટે સમગ્ર દેશમાં પંકાયેલું છે મોડાસા શહેરમાં ચોરીના મોબાઈલના આઈ એમ આઈ નંબર બદલવાનું કૌભાંડનુ પગેરું મેળવવું પોલીસે માટે તળાવ માંથી સોય શોધવા બરાબર છે અરવલ્લી જીલ્લા એસપી મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે મોડાસાના સર્વોદય નગર વિસ્તારમાં આવેલા ખાડામાંથી સન્ની સલાટ નામના યુવકને બીલ વગરના ૧.૫૮ લાખના શંકાસ્પદ ૧૫ મોબાઈલ સાથે ઝડપી પાડી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારના અનેક બેરોજગાર યુવકો ગેરેકાયદેસર ધંધામાં અને દારૂ સહિતના નશામા ગરકાવ થઇ ગયા છે અરવલ્લી એસઓજી પોલીસે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ હાથધરી બાતમીદારો સક્રિય કરતા સર્વોદય નગર (ડુંગરી )ના ખાડા વિસ્તારમાં રહેતો સન્ની અમરત સલાટ નામનો યુવક બેગમાં બીલ વગરના શંકાસ્પદ મોબાઈલ સાથે ઉભો રહ્યો હોવાની બાતમી



મળતા તાબડતોડ બાતમી આધારિત ખાડા વિસ્તારમાં પહોંચી સન્ની સલાટ ને દબોચી લઇ બેગની તલાસી લેતા અંદરથી બીલ વગરના ૧૫ સ્માર્ટ ફોન મળી આવતા પોલીસે ૧.૫૮ લાખના મોબાઈલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી




# બંગાળની ચૂંટણી જીતવા ભાજપે છૂટા હાથે ૨૮૭ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો

ચૂંટણી પંચના અહેવાલ મુજબ, ભાજપે પશ્ચિમ બંગાળમાં ૨૮૬.૯૯ કરોડ રૂપિયાનો ચૂંટણી ખર્ચ કર્યો. પાંચ રાજ્યો (આસામ, બંગાળ, કેરળ, તમિલનાડુ, પુડુચેરી)માં ભાજપનો કુલ ખર્ચ ૫૨૯.૩૮ કરોડ હતો, જ્યારે કોંગ્રેસે ૨૪૮ કરોડ ખર્ચ્યા. કોંગ્રેસના પાંચ રાજ્યોના કુલ ખર્ચ કરતાં ભાજપે માત્ર બંગાળમાં વધુ નાણાં વાપર્યા.બંગાળની ચૂંટણી જીતવા ભાજપે છૂટા હાથે ૨૮૭ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યોકોંગ્રેસે પાંચ રાજ્યોમાં વાપર્યા એનાથી વધુ ભાજપે બંગાળમાં ખર્ચ્યાઆસામ, બંગાળ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં ભાજપનો




ચૂંટણી ખર્ચ ૫૨૯ કરોડ : ચૂંટણીપંચ સમક્ષ રજૂ થયેલા અહેવાલમાં ખુલાસોનવી દિલ્હી : તૃણમૂલ કોંગ્રેસને હરાવીને ભાજપે પહેલી વખત પશ્ચિમ બંગાળમાં ભગવો લહેરાવ્યો હતો. ૨૯૩માંથી ૨૦૭ બેઠકો જીતીને સૌને ચોંકાવી દીધા હતા. તૃણમૂલ કોંગ્રેસને માત્ર ૮૦ બેઠકો મળી હતી. આ અણધાર્યા ચૂંટણી પરિણામોને સ્વીકારવાનો પૂર્વ સીએમ મમતા બેનર્જીએ ઈનકા કરીને ભાજપ સામે આરોપો લગાવ્યા હતા. આ ચૂંટણીમાં ભાજપે આવી સફળતા મેળવી તે માટે પાર્ટીએ છૂટા હાથે પૈસા વેર્યા હતા. ચૂંટણીપંચ સમક્ષ રજૂ થયેલા અહેવાલમાં આ ખુલાસો થયો હતો.ભાજપે બંગાળમાં કુલ ૨૮૬.૯૯ કરોડ રૂપિયાનો માતબર ખર્ચ કર્યો હતો. એમાં પાર્ટીએ ૨૧૭.૧૬ કરોડ ખર્ચ્યા હતા ને ઉમેદવારોએ ૬૯.૮૩ કરોડનો ખર્ચ કર્યો હતો. પશ્ચિમ બંગાળ સહિત કુલ પાંચ રાજ્યોની ચૂંટણી થઈ હતી, જેમાં આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીનો સમાવેશ થતો હતો. એ તમામ રાજ્યોમાં મળીને ભાજપે કુલ ૫૨૯.૩૮ કરોડનો ખર્ચ કર્યો હતો.તેની સામે કોંગ્રેસે પાંચ રાજ્યોમાં ૨૪૮ કરોડનો ખર્ચ કર્યો હતો. કોંગ્રેસે પાંચ રાજ્યોમાં જે ખર્ચ કર્યો એનાથી વધુ ખર્ચ તો ભાજપે બંગાળમાં જ કરી નાખ્યો હતો. બંગાળમાં કોંગ્રેસે કુલ ૪૨ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. જેમાં ૧૨.૯૭ કરોડ પાર્ટીએ કર્યો હતો અને ૨૯.૧૨ કરોડ ઉમેદવારોએ ખર્ચ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસે રાજ્યની ચૂંટણીમાં કેટલો ખર્ચ કર્યો હતો તેની જાણકારી સામે આવી નથી. ડાબેરી પાર્ટી સીપીઆઈએમએ ૮.૨૩ કરોડ રૂપિયા ચૂંટણી પ્રચાર પાછળ ખર્ચ્યા હતા.કેરળમાં કોંગ્રેસે ભાજપથી વધારે ખર્ચ કર્યો હતો. કેરળમાં ભાજપે ૮૨ કરોડ ખર્ચી નાખ્યા હતા. તેની સામે કોંગ્રેસે ૧૦૫ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. કેરળમાં સીપીએમની સરકાર હતી. સીપીએમે ૨૮ કરોડનો ખર્ચ કર્યો હતો. ભાજપે તમિલનાડુમાં ૯૬.૨૭ કરોડ, આસામમાં ૫૧ કરોડ, પુડુચેરીમાં ૧૧.૯૦ કરોડ ચૂંટણી કેમ્પેઈન પાછળ ફાળવ્યા હતા. આ ચૂંટણીઓ ચાલતી હતી ત્યારે ભાજપને ૧૪૭૨ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું તો કોંગ્રેસને ૨૦૭ કરોડ રૂપિયા દાનમાં મળ્યા હતા.

**ગાંધીનગર મહાનગરપાલિકા ની ચૂંટણીમાં ભાજપ પક્ષ ના ૮ વોર્ડ ના ૩૨ ઉમેદવાર,કોંગ્રેસ પક્ષ ના ૧૯ ઉમેદવાર તેમજ આમ આદમી પાર્ટી ના૧૫થી વધારે ઉમેદવાર જાહેર.આજે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે.**

## તંત્રી લેખ

## હેલ્થ અને વાહન ઈન્સ્યોરન્સ સસ્તા થશે, એજન્ટોના કમિશન પર સંકજો કસવાની સરકારની તૈયારી

ભારતીય વીમા નિયમન અને વિકાસ પ્રાધિકરણ (ઈરડા) ઈન્શ્યોરન્સ સેક્ટરને વધુ પારદર્શક બનાવવા અને ગ્રાહકો પર બોજ ઘટાડવા માટે એક મોટો પ્રસ્તાવ લઈને આવ્યું છે. ઈરડાએ એક નવો મુસદ્દો (ડ્રાફ્ટ) જારી કર્યો છે, જે મુજબ મોટર ઈન્સ્યોરન્સથી લઈને હેલ્થ ઈન્સ્યોરન્સ સુધીના વીમા પર ડિસ્ટ્રિબ્યુટર અને એજન્ટોને મળતું કમિશન ઘટાડવામાં આવશે. આ નિયમો લાગુ થવાથી વીમા ધારકો અને ગ્રાહકોને મોટો આર્થિક ફાયદો અને રાહત મળશે.ભૌગોલિક નકશા તપાસોહાલમાં હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવા પર ડિસ્ટ્રિબ્યુટર અને એજન્ટ બંનેને મોટું કમિશન મળે છે, જેમાં પહેલા વર્ષે ડિસ્ટ્રિબ્યુટરને ૪૦ ટકા સુધીનું કમિશન અપાય છે. ઈરડાએ આ કમિશનને ઘટાડીને ૧૫ ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જ્યારે એજન્ટોને પહેલા વર્ષે ૨૦ ટકા કમિશન મળશે. આ ઉપરાંત, પોલિસી રિન્યુઅલ વખતે ડિસ્ટ્રિબ્યુટરને ૫ ટકા અને એજન્ટને ૧૦ ટકા કમિશન આપવાની વાત કહેવામાં આવી છે. અગાઉ રિન્યુઅલ સમયે પણ ૧૦થી ૧૫ ટકા સુધી કમિશન વસૂલાતું હતું. જાણકારોના મતે, અગાઉ જીએસટીમાં ઘટાડાનો ફાયદો ગ્રાહકોને સીધો નથી મળ્યો, પરંતુ હવે આ નવા નિયમોથી ગ્રાહકોને પ્રીમિયમમાં સીધો લાભ મળી શકશે.ઈરડાએ મિસ-સેલિંગ (ગેરમાર્ગે દોરીને વીમો વેચવાની પ્રથા) સામે પણ લાલ આંખ કરી છે. નવા નિયમ અનુસાર, હવે બેંકમાંથી લોન લેતી વખતે ગ્રાહકોને કોઈપણ પ્રકારનો બિનજરૂરી અથવા ફરજિયાત ન હોય તેવો વીમો વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે.

## સરકારી બસોને 'મોતનું લાઈસન્સ'! AMTS-BRTS ના પાપે ૧૩૮ ઘરો ઉજડ્યા

અમદાવાદમાં વર્ષ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૬ દરમિયાન જાહેર બસો દ્વારા ૩૬૨ અકસ્માતો થયા છે, જેમાં ૧૩૮ લોકોના મોત થયા અને ૧૫૬ ગંભીર રીતે ઘવાયા છે. છ્સ્જી બસો ૧૮૫ અકસ્માતો સાથે મોખરે છે, જેમાં ૬૨ લોકોએ જીવ ગુમાવ્યો. ૨૦૨૩માં સૌથી વધુ ૪૬ અકસ્માતો નોંધાયા હતા. ડ્રાઈવરો પર ટ્રીપનું દબાણ અને મ્ઇ્જી કોરિડોરમાં ઘૂસણખોરી મુખ્ય કારણો છે.અમદાવાદ ટ્રાફિક પોલીસના વર્ષ ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૬ સુધીના સત્તાવાર રેકોર્ડ અનુસાર, શહેરમાં જાહેર પરિવહનની બસો દ્વારા ૩૬૨ અકસ્માતો સર્જાયા છે, જેમાં ૧૩૮ લોકોએ જીવ ગુમાવ્યો છે, અને ૧૫૬ નાગરિકો ગંભીર રીતે ઘવાયા છે. આ આંકડા દર્શાવે છે કે સસ્તા અને સુલભ દૈનિક પ્રવાસ માટે બનાવવામાં આવેલી મ્યુનિસિપલ અને સ્ટેટ ટ્રાન્સપોર્ટની સેવા ગીચ શહેરી માર્ગો પર નાગરિકો માટે સતત જોખમ બની રહી છે.ભૌગોલિક નકશા તપાસોશહેરના સાંકડા અને ગીચ માર્ગો પર દોડતી અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (છ્સ્જી) ની બસોએ સૌથી વધુ જાનહાનિ સર્જી છે. જાન્યુઆરી ૨૦૨૧ થી જુલાઈ ૨૦૨૬ વચ્ચે છ્સ્જી બસો ૧૮૫ અકસ્માતોમાં સામેલ હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના વરિષ્ઠ પ્રોફેસર ડૉ.જયદિપસિંહ ડોડિયાનું વિશિષ્ટ ઢબે વયનિવૃત્તિ સન્માન



ઉત્પલ જોશી | કમલેશ જોશીપુરા | કલ્પક ત્રિવેદી | અનુપમ દોશી | રાજેશ કાલરીયા | જયદીપસિંહ ડોડિયા | અજય જોષી | કૌશિક મહેતા | અલ્કાબેન વોરા

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર ડો .જયદીપસિંહ ડોડિયાના અધ્યાપન ક્ષેત્રે કુલ ચાર દાયકાના અને સૌરાષ્ટ્ યુનિવર્સિટી ખાતે ૨૮ વર્ષના સ્મરણીય સેવાકાળ બાદ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વયનિવૃત્ત થતા હોઈ તેમને સન્માનપત્ર અર્પણ કરીને વિશિષ્ટ ઢબે સન્માનિત કરવાનો એક વિશિષ્ટ ઉપક્રમ ૪ ઓક્ટોબર , ૨૦૨૬, રવિવારની ઢળતી સાંજે ૫ કલાકે શ્રી મનુભાઈ વોરા ઓપન એર થિયેટર , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હાઉસિંગ સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે યોજાઈ રહ્યો છે.

'સિઝન્સ સ્કવેર ચેરિટેબલ ટ્રસ્ટ' અને 'શ્રી મનુભાઈ વોરા મેમોરિયલ ફાઉન્ડેશન'ના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ રળિયામણાં કાર્યક્રમનું પ્રમુખસ્થાન પ્રોફે. ઉત્પલ જોષી, કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શોભાવશે. મુખ્ય મહેમાન તરીકે ડો. કમલેશ જોષીપુરા, ભૂતપૂર્વ કુલપતિશ્રી , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આ ઉપક્રમની આભામાં ઉમેરણ કરશે. ઉપરાંત, ડો.કલ્પક ત્રિવેદી, ભૂતપૂર્વ ઉપકુલપતિશ્રી, તથા શ્રી અનુપમભાઈ દોશી, પ્રણેતાશ્રી, 'સાહિત્ય સેતુ' અને ડો. રાજેશ કાલરિયા, ડિરેક્ટરશ્રી, 'સૌરાષ્ટ્ર એજ્યુકેશન ટ્રસ્ટ'ની વિશિષ્ટ ઉપસ્થિતિ આ કાર્યક્રમની ગરિમા વધારશે.

આ ઉપરાંત સર્વશ્રી સંજુ વાળા, દિલીપ જોષી, મહેન્દ્ર જોષી, જય છનિયારા તેમ જ આર.પી.જોષી વગેરે સાહિત્ય- કલાક્ષેત્રના મર્મજ્ઞ મિત્રો આ ઉપક્રમને વિશેષ રીતે રમણીય, સ્મરણીય અને શ્રવણીય બનાવશે.

આ રળિયામણા કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રો. જયદીપસિંહ ડોડિયા પ્રત્યેનો પોતાનો ભાવ અને અહોભાવ વ્યક્ત કરવા માટે બંને આયોજક સંસ્થાના સંવાહકો શ્રી અજયભાઈ જોષી, સુશ્રી અલ્કાબેન વોરા તથા શ્રી કૌશિકભાઈ મહેતા દ્વારા સૌ વિદ્યાપ્રેમી રસિકજનોને પ્રેમાગ્રહપૂર્ણ અનુરોધ કરવામાં આવે છે.

આ કાર્યક્રમની સાથે સાથે વિખ્યાત હાસ્ય કલાકાર જય છનિયારાનો પણ દિવ્યાંગો માટે મનોરંજનનો કાર્યક્રમ પણ રાખેલ છે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર અને અધ્યાપક અગ્રણી પ્રો. જયદિપસિંહ ડોડિયા તેમની યુનિવર્સિટી સેવાના ૨૮ વર્ષ પુરા કરી તા. ૧૯૯૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાયાં. એ પહેલા રાજકોટની શ્રીમતી એમ. ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ અને માંગરોળની શ્રી શારદાગ્રામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અંગ્રેજીનાં અધ્યાપક તરીકે ફરજ બજાવેલ. આ અગાઉ તેમણે જામનગર મુકામે પાંચ વરસ શાળા અને કોલેજના વિધાર્થીઓને માર્ગદર્શન આપેલ.

૧૯૯૮માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની કારકિર્દી શરુ કરનાર પ્રો. જયદિપસિંહ ડોડિયા સેનેટ સભ્ય, સીન્ડીકેટ સભ્ય તેમજ વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે ફરજ બજાવી ચુક્યા છે. વર્ષ ૨૦૧૩ માં તત્કાલીન કુલપતિ ડો. મહેન્દ્રભાઈ પાડલીયા લંડનના પ્રવાસે ગયા ત્યારે ગુજરાતનાં તત્કાલીન રાજ્યપાલ ડો. કમલા બેનીવાલે કાર્યકારી કુલપતિ તરીકે પ્રો. ડોડીયાની નિમણૂંક કરી હતી. પ્રો.જયદિપસિંહ ડોડીયાનો વર્ષ ૨૦૧૩ માં કાર્યકારી કુલપતિ તરીકેનો ખુબ જ અલ્પ સમય ગાળો ગુજરાત રાજ્યનું શિક્ષણ જગત લાંબા સમય સુધી યાદ રાખે તેવો યશશ્વી રહ્યો હતો.

વર્ષ ૨૦૧૨ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સૌથી મોટી ફેકલ્ટી એવી આર્ટ્સ ફેકલ્ટીના ડીન અને અધર ધેન ડીન એમ બંને પદે ચૂંટાઈને પ્રો. જયદિપસિંહ ડોડીયાએ વિક્રમ સર્જ્યો હતો. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ ની કુલપતિ સર્ચ કમિટી માં યુ.જી. સી. ચેરમેનના નોમિની તરીકે એક વખત તેમજ માનનીય રાજ્યપાલશ્રીના નોમિની તરીકે આ સમિતિના અધ્યક્ષ તરીકે બે વખત સફળતાં પૂર્વક ફરજ બજાવી ચુક્યા છે.

પ્રો. ડોડીયાએ રાજસ્થાનની વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી, કોટાના એકેડેમિક કાઉન્સીલના સભ્ય તરીકે એક ટર્મ ફરજ બજાવેલ છે. તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના પ્રમુખ પદે તેઓ સતત ત્રણ વખત બિનહરીફ ચૂંટાયેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓ. હાઉસિંગ સોસાયટીના પ્રમુખની પણ જવાબદારી છેલ્લા દસેક વરસથી નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યાં છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં 'આસિસ્ટન્ટ પ્રોફેસર'થી કારકિર્દી શરુ કરીને અંગ્રેજી ભાષા સાહિત્ય ભવનનાં ( બઢતીથી અને સીધી ભરતીથી એમ બંને રીતે) 'પ્રોફેસર' તરીકે નિમણૂંક મેળવનાર પ્રો. જયદિપસિંહ ડોડીયા સૌરાષ્ટ્ર કચ્છમાં અંગ્રેજી વિષયના પ્રથમ અધ્યાપક છે. તેમનાં માયાળુ માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં ૫૦ જેટલા અધ્યાપકોએ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. એટલુજ નહિ, આ પૈકી ૨૦ જેટલા અધ્યાપકો ગુજરાતની અલગ અલગ યુનિવર્સિટીમાં અધ્યાપક, ગાઈડ તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે.

અંગ્રેજી ભવનનાં અધ્યક્ષ તરીકેના તેમના ત્રણ વર્ષના કાર્યકાળમાં અંગ્રેજી વિષયના માર્ગદર્શકો સાથે સતત પરામર્શ કરી,અંગ્રેજીનો એક પણ તેજસ્વી વિદ્યાર્થી પ્રવેશથી વંચિત ન રહે તે દિશામાં તેમણે પરિણામલક્ષી કામગીરી કરી હતી. વર્ષ ૨૦૧૯માં ભવન અધ્યક્ષ તરીકે તેમના કાર્યકાળમાં ૪૦ વિદ્યાર્થીઓને પીએચ. ડી.માં પ્રવેશ આપવામાં આવ્યો હતો જે પૈકી ૩૫ જેટલા સંશોધકોએ પોતાનું સંશોધન કાર્ય સફળતાપૂર્વક નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરેલ છે.

એક અધ્યાપક તરીકે ડૉ.ડોડીયા માત્ર અધ્યાપકોની જ નહિ, પરંતુ વિદ્યાર્થીઓની સમસ્યાઓ અંગે પણ સતત જાગૃત રહેલ છે અને જરૂર પડે વિદ્યાર્થીઓના વાલીની ભૂમિકા પણ ખડેપગે અદા કરી સત્તાધીશો સમક્ષ નીડરતાપૂર્વક અને સચોટ આધાર પુરાવા સાથે પરિણામલક્ષી રજૂઆતો કરતા રહ્યા છે. ઈતિહાસ ગવાહ છે કે તેઓની સતત સક્રિયતાને કારણે તેઓ નજીકના ભૂતકાળમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનેક ચૂંટણી જંગમાં એકલા હાથે લડીને તોતિંગ બહુમતીથી વિજેતા જાહેર થયા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનના બે ટર્મ સુધી મહામંત્રી અને બે ટર્મ સુધી પ્રમુખ તરીકેના કાર્યકાળમાં પણ તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકોના પ્રશ્નોના નિવારણ માટે મહત્વની ભૂમિકા ભજવી હતી.ગુજરાતમાં યુ.જી.સી.ના છઠ્ઠા અને સાતમા પગાર ધોરણના અમલીકરણ માટે પણ પ્રો. જયદીપસિંહ ડોડિયાએ એક જાગૃત અધ્યાપક અગ્રણી તરીકે સક્રિય ભૂમિકા ભજવી હતી.

આમ, પ્રો.જયદીપસિંહ ડોડિયાની આ પ્રકારની બહુઆયામી સેવાપરાયણતા અને કર્તવ્યપરાયણતાને સન્માનિત કરવા માટે શિક્ષણ-સાહિત્ય-કલાજગતના સૌ મર્મજ્ઞ મિત્રોને આ ઉપક્રમના સાક્ષી બનવા આયોજક સંસ્થાઓ તરફથી આગ્રહપૂર્ણ અનુરોધ કરવામાં આવે છે.

# આ માત્ર ગીત નથી, મારા સપનાની શરૂઆત છે':નવરાત્રિ પહેલાં ધૂમ મચાવશે દિલીપ સંઘાણીની દીકરી મેઘના, 'ઘેરદાર ઘમ્મરિયા' ગરબા સૉંગ સાથે મનોરંજન જગતમાં ધમાકેદાર એન્ટ્રી

ગુજરાતી મનોરંજન જગતમાં પોતાની આગવી ઓળખ બનાવવા તરફ આગળ વધી રહેલી અભિનેત્રી અને ડાન્સર મેઘના સંઘાણી આ નવરાત્રિએ નવા ગુજરાતી ગરબા સોંગ 'ઘેરદાર ઘમ્મરિયા' સાથે દર્શકો સમક્ષ એક ભવ્ય અને આકર્ષક અંદાજમાં આવી રહી છે. પિક્સેલ પોપ મીડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલું અને સારેગામાના પ્લેટફોર્મ પર રજૂ થયેલું 'ઘેરદાર ઘમ્મરિયા' મેઘનાની કલાત્મક સફરનું એક મહત્વપૂર્ણ પગલું છે. ગીતમાં તેનો અભિનય, ડાન્સ, અભિવ્યક્તિ અને સ્ક્રીન પ્રેઝન્સ ખાસ આકર્ષણનું કેન્દ્ર બને છે. ઉલ્લેખનીય છે કે, મેઘના સંઘાણી સહકારી ક્ષેત્રના







અગ્રણી નેતા દિલીપ સંઘાણીની દીકરી છેપરંપરાગત ગરબાની ઊર્જાને આધુનિક સંગીત અને ભવ્ય વિઝ્યુઅલ્સ સાથે રજૂ કરતા આ ગીતમાં મેઘના એક અલગ જ અંદાજમાં જોવા મળે છે. તેના પરંપરાગત ગુજરાતી લુકથી લઈને ઊર્જાસભર ગરબા અને અભિવ્યક્તિ સુધી, ગીતને એવી રીતે રજૂ કરવામાં આવ્યું છે કે જેમાં ગુજરાતી સંસ્કૃતિની ઝલક સાથે આજની નવી પેઢીને આકર્ષે તેવી આધુનિકતા પણ સ્પષ્ટપણે જોવા મળે છે. મેઘના સંઘાણીએ જણાવ્યું હતું કે, "'ઘેરદાર ઘમ્મરિયા' મારા માટે માત્ર એક ગીત નથી, પરંતુ મારા જીવનની એક નવી શરૂઆત છે. ડાન્સ અને અભિનય હંમેશાંથી મારા દિલની ખૂબ નજીક રહ્યાં છે અને હવે તેને મોટા સ્તરે દર્શકો સમક્ષ રજૂ કરવાની તક મળી છે. હું ઈચ્છું છું કે લોકો આ ગીત દ્વારા માત્ર 'ઘેરદાર ઘમ્મરિયા'ને જ નહીં, પરંતુ એક કલાકાર તરીકે મને પણ ઓળખે અને મારા કામ સાથે જોડાય."મેઘનાએ વધુમાં જણાવ્યું હતું કે, "નવરાત્રિ અને ગરબા સાથે દરેક ગુજરાતીનું એક ખાસ ભાવનાત્મક જોડાણ હોય છે. એટલે મારી આ નવી સફરની શરૂઆત ગરબા સાથે થઈ રહી છે તે મારા માટે ખૂબ જ ખાસ છે. પ્રિન્સ ગુપ્તા સાથે કામ કરવાનો અનુભવ અદભૂત રહ્યો. જહાનવી શ્રીમાંકરનો અવાજ, કેદાર-ભાર્ગવનું સંગીત અને પાર્થ તારપરાના શબ્દોએ આ ગીતને જે ઊર્જા આપી છે, તેને સ્ક્રીન પર જીવંત કરવાની તક મળવી મારા માટે યાદગાર અનુભવ રહ્યો છે.

### અમદાવાદઃ મકરબા બ્રિજ શરૂ થતાં ટ્રાફિક માથાનો દુઃખાવો બન્યો!

## ધારાસભ્યએ ટ્રાફિક સિગ્નલ અને પોલીસકર્મી તહેનાત કરવા માગ કરી

અમદાવાદના મકરબા બ્રિજનું મુખ્યમંત્રીએ લોકાર્પણ કરતા જ ટ્રાફિક જામ સર્જાયો. કોર્પોરેટ રોડથી ૧૦ મીટર અંતરે બ્રિજ પૂરો થતાં વાહનચાલકો અટવાયા. ૨ એમ્બ્યુલન્સ પણ ફસાઈ. વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકરે પોલીસ કમિશનરને પત્ર લખી ટ્રાફિક સિગ્નલ અને પોઈન્ટ મુકવા રજૂઆત કરી. બ્રિજ લંબાવવો શક્ય ન હોવાથી હાલ સ્પીડ બમ્પ અને સિગ્નલથી ટ્રાફિક હળવો કરાશે.

મકરબા ખાતે અમદાવાદ-બોટાદ રેલવે લાઈન (ન્ઝ ૨૪) પર નવનિર્મિત ઓવરબ્રિજનું મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જોકે, બ્રિજ શરૂ થયાના ગણતરીના કલાકોમાં જ વાહનચાલકો માટે ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે. બ્રિજ કોર્પોરેટ રોડથી ૧૦ મીટરથી પણ ઓછા અંતરે પૂરો થતો હોવાથી ત્યાં સતત ટ્રાફિક જામની સ્થિતિ બને છે. ગઈકાલે સર્જાયેલા કલાકોના જામમાં બે એમ્બ્યુલન્સ પણ ફસાઈ ગઈ હતી. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકરે અમદાવાદ પોલીસ કમિશનરને પત્ર લખીને તાત્કાલિક ટ્રાફિક સિગ્નલ અને ટ્રાફિક પોલીસ પોઈન્ટ મુકવા રજૂઆત કરી છે.ર્ઁક્ષ્ક્રિૈષ્ઠ ીકીાિહષ્ઠીઅમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એન્જિનિયરો દ્વારા બ્રિજનો છેડો કોર્પોરેટ રોડના કિનારે જ પૂરો કરી દેવાતાં વાહનોનો ડેડલોક સર્જાઈ રહ્યો છે.

## મુંબઈથી શંખેશ્વર મંદિરે દર્શન કરવા જતા સમયે કામરેજ નજીક અકસ્માત, કારમાં સવાર લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ

સુરત જિલ્લામાંથી પસાર થતા ભારતમાલા એક્સપ્રેસ વે પર કામરેજ નજીક ઊભેલા ડમ્પર પાછળ પૂરઝડપે આવતી હેરિયર કાર ધડાકાભેર ઘૂસી જતાં ભયાનક અકસ્માત સર્જાયો છે. મુંબઈથી શંખેશ્વર મંદિરે દર્શન કરવા જઈ રહેલા પરિવારના કારમાં સવાર ૪ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા છે. આ કાળમુખી દુર્ઘટનાને પગલે હાઈવે પર અરેરાટી સાથે ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.ડમ્પરના ચાલકે વાહનમાં એર પ્રેશરની અચાનક સમસ્યા ઊભી થવાના કારણે તેને રોડ પર ઊભું રાખ્યું હતું. આ દરમિયાન પાછળથી પૂર ઝડપે આવી રહેલી હેરિયર કાર ઉભેલા ડમ્પર પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો સર્જાયો હતો કે કારનો કૂચડો વળી ગયો હતો અને સવાર ચારેય લોકોના મોત નિપજ્યા હતા.

એન.ઈ. ૦૪ પર મુંબઈથી અમદાવાદ તરફ જતા માર્ગ પર કામરેજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના ડીગસ ગામની સીમમાં ડમ્પર ટેકનિકલ ખામીના કારણે ધીમું પડી જતાં ચાલક તપાસવા ઊભો રહ્યો હતો. આ સમયે પાછળથી પૂર ઝડપે આવી રહેલી હેરિયર કારના ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ડમ્પર પાછળ ધડાકાભેર ઘૂસી ગઈ હતી. મુંબઈથી પાટણ જઈ રહેલા કારમાં સવાર ચાર લોકોના ઘટનાસ્થળે જ નીપજ્યા છે. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટ મોર્ટમ અર્થે કામરેજ સી.એચ.સી. ખાતે રવાના કરીને આગળની તપાસ હાથ ધરી છે.દુર્ઘટના બનતાની સાથે જ એક્સપ્રેસ વે પર થોડીવાર માટે વાહન વ્યવહારની અવરજવર પર માઠી અસર પડી હતી. ઘટનાની જાણ થતાં જ કામરેજ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને વાહન વ્યવહાર પૂર્વવત કરાવી વધુ તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે આ એક્સપ્રેસ વે પર અવારનવાર અકસ્માતના બનાવો બનતા રહે છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 412**
વિષય : ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક :અંતરના પ્રકાશ
પ્રકાર : પદ્ય
શબ્દો : ૧૦૪

ભાદરવી પૂનમની ચાંદની વરસે આંગણે,
જાણે મા પધાર્યાં હોય મારા અંતરના આંગણે.

મંદિરના દીપથી નહીં, મનના પ્રકાશથી ભક્તિ થાય.
શબ્દોના જાપથી નહીં, હૃદયના ભાવથી માને મળાય.

આંસુની દરેક બુંદમાં માતાની કૃપાનો અહેસાસ છે,
મૌનની પ્રાર્થનામાં પણ ભક્તિનો મધુર રાગ છે.

સુખ આવે તો આભાર, દુઃખ આવે તો વિશ્વાસ રાખું,
મારા દરેક શ્વાસમાં માતાનું નામ જ હું લખું.
માયા વચ્ચે રહીને પણ મન નિર્મળ રહે,
મા પ્રત્યેના પ્રેમથી જીવન સુગંધિત રહે.

ભક્તિ નથી માંગતી કોઈ સંપત્તિ કે સન્માન,
ભક્તિ તો છે આત્માનો માતા સાથેનો સંવાદ.

ભાદરવી પૂનમની ચાંદની જેમ મા હૃદયમાં ઝળહળે,
મારા અંતિમ શ્વાસ સુધી માતાના આશીર્વાદ સાથે રહે.

"વહેતી" હર્ષિદા સુરતવાલા (મુંબઈ)

**NOG SS No:- 334**
વિષય:- ભાદરવી પૂનમની ચાંદની અને ભક્તિભાવ
શીર્ષક:- ભાદરવી ભક્તિ
પ્રકાર:- પદ્ય શબ્દો:- ૮૯

આવી ભાદરવી પૂનમને,ઠેર ઠેર તંબુ તણાય,
હરખે તે પદયાત્રી ચાલિયા,અંબાને દરબાર....રંગ ડોલરિયો.

ભાદરવી પૂનમની રાતડીને,રમશું રૂડો રાસ,
મા અંબાના શરણે જઈશું,હૈયે રાખી ઉલ્લાસ.....રંગ ડોલરિયો.

ચળકતી હશે ચાંદનીને,ઝૂમશું આખી રાત,
શ્વાસે શ્વાસે નામ લઈશું, કરશું ઉજળું પ્રભાત......રંગ ડોલરિયો.

રામાપીરના નેજા ચઢાવી,માંડશું રામદેવ પાટ
અલખધણીનું નામ લઈ,કરશું દીવડા ઝગમગાટ.....રંગ ડોલરિયો.
માનવ મહેરામણ ઉમટ્યોને,ભજનિયાં ગવાય,
ભક્તિભાવની છોળો ઉડેને,અબીલ ગુલાલ છંટાય.....રંગ ડોલરિયો.

ડૂબ્યા એવાં ભક્તજનો કે રહ્યું ન તલભાર ભાન,
સુધબુધ સૌ ભૂલી ગયાંને,બની ગયા મસ્તાન....રંગ ડોલરિયો.
મહેશ રાઠોડ ' સ્નેહદીપ ' (અમદાવાદ)

# એચ. એ. કોલેજમાં એન. એસ. એસ. ડે નિમિત્તે સ્વામી વિવેકાનંદ વિશે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ



ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ. એ. કોલેજ ઓફ કોમર્સમાં આજરોજ એન. એસ. એસ. સ્થાપના દિવસનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓ માટે ×સ્વામી વિવેકાનંદ વિરલ વિરાટ વિભૂતિ× વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કોલેજના ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બધા જ સ્પર્ધકોએ અદ્‌ભુત વિચારો વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ સંજય વકીલે કહ્યું હતું કે યુગદ્રષ્ટા સ્વામી વિવેકાનંદ આજના યુવાનો માટે પ્રેરણાદાયી તથા આદર્શ છે. ખૂબ જ નાની વયમાં સમગ્ર ભારતનું ભ્રમણ તથા અમેરિકા, બ્રિટન અને યુરોપમાં ભારતીય જ્ઞાન પરંપરાનો પ્રચાર અને પ્રસાર કરી વેદાંત સોસાયટી, રામક્રીશ્ન મઠ તથા રામક્રીશ્ન મિશનની સ્થાપના કરી હતી. આ બધી જ સંસ્થાઓ સ્થાપવા પાછળનો હેતુ સમાજ સેવા, શિક્ષણનું મહત્વ તથા માનવતાનું કાર્ય હતો. તેઓએ તત્વજ્ઞાન, ઈતિહાસ, કલા, વિજ્ઞાન તથા સાહિત્યનો અભ્યાસ કર્યો હતો, ભારતના ધર્મગ્રંથો, વેદો, ઉપનિષદો, ભગવદ્ ગીતા, રામાયણ વગેરેનો ઊંડો અભ્યાસ કર્યો હતો. સ્વામી વિવેકાનંદ માનતા હતા કે કર્મયોગ, ભક્તિ યોગ, રાજયોગ અને જ્ઞાનયોગ અપનાવવાથી તંદુરસ્ત અને આદર્શ જીવન જીવી શકાય છે. આ કાર્યક્રમનું સંચાલન તથા આયોજન પ્રા. અલ્પા પાઘડલ તથા પ્રા. એચ. બી ચૌધરીએ કર્યું હતું. સમારંભનાં અંતે પ્રા. ચેતન મેવાડાએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજના ઘણી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# માતૃસંસ્થા 'સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ'ના રાજ્યકક્ષાના ખજાનચી તરીકે ગાંધીનગરના નિષ્ઠાવાન અગ્રણી શ્રી નિશીથ ભુપેન્દ્રભાઈ ધોળકિયાની વરણી

સમગ્ર નાગર સમાજની ગૌરવવંતી અને અગ્રણી માતૃસંસ્થા 'સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ' ની સંગઠનાત્મક અને વહીવટી પ્રવૃત્તિઓને વધુ પારદર્શક, સુદ્રઢ અને વેગવંતી બનાવવાના શુભ આશયથી સંસ્થાની રાજ્યકક્ષાની 'કોર કમિટી' દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સમાજસેવા પ્રત્યે દીર્ઘકાલીન સમર્પણ, ખંત અને ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતા, મૂળ ભુજના અને હાલ ગાંધીનગર ખાતે નિવિડ સેવાઓ આપી રહેલા કર્મનિષ્ઠ અગ્રણી શ્રી નિશીથ ભુપેન્દ્રભાઈ ધોળકિયાની રાજ્યકક્ષાના ખજાનચી (ટ્રેઝરર) તરીકે સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે.

વ્યાવસાયિક નિપુણતા અને સામાજિક સેવાનો ઉજ્જવળ ઈતિહાસઃ
શ્રી નિશીથ ધોળકિયા હાલ ગાંધીનગર ખાતે 'રાજકોટ નાગરિક સહકારી બેંક લિમિટેડ'ની શાખામાં અધિકારી તરીકે પોતાની સરાહનીય વ્યાવસાયિક સેવાઓ આપી રહ્યા છે. પોતાના બેન્કિંગ ક્ષેત્રના ગહન અનુભવ સાથે તેઓ દાયકાઓથી વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહ્યા છે.પોતાના સેવાકીય પ્રદાન અંતર્ગત તેઓએ કચ્છ-ભુજ ખાતે 'હાટકેશ યુથ ક્લબ'ના ફાઉન્ડર મેમ્બર તરીકે તેમજ 'અખિલ કચ્છ નાગર યુવા સંગઠન'ના મંત્રી તરીકે સેવાઓ આપીને સંગઠનને નવી ઊંચાઈઓ આપી હતી. આ ઉપરાંત, ભુજના 'રોટેરેક્ટ ક્લબ'માં સતત ચાર વર્ષ સુધી ખજાનચી તરીકે સફળ જવાબદારી નિભાવી પલ્સ પોલિયો ઝુંબેશ જેવા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય કાર્યક્રમોમાં અગ્રિમ યોગદાન આપ્યું હતું. ભુજની વિવિધ નવરાત્રિ અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં પણ તેઓ ખજાનચી તરીકે સેવાકીય પ્રદાન આપી ચૂક્યા છે. ભાવનગર ખાતેના પોતાના રોકાણ દરમિયાન પણ તેમણે નાગર સમાજની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય અને નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી.

?સમાજના શ્રેષ્ઠીઓ અને મહાનુભાવો દ્વારા હાર્દિક અભિનંદનઃ
?શ્રી નિશીથ ધોળકિયાની આ મહત્ત્વપૂર્ણ પદ પર નિમણૂક થતાં જ સમગ્ર ગુજરાતભરના સમાજશ્રેષ્ઠીઓમાં આનંદની લહેર વ્યાપી ગઈ છેઃ
?સંસ્થાના પ્રમુખશ્રીનો સન્દેશઃ સમગ્ર ગુજરાત નાગર પરિષદના પ્રમુખશ્રી સુભાષભાઈ ભટ્ટે વિશેષ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, શ્રી નિશીથભાઈના બેન્કિંગ અનુભવ અને સેવાભાવથી સંસ્થાને નવું બળ મળશે અને તેઓ અવિરત સમાજસેવા કરતા રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.
?ઉપપ્રમુખશ્રીની શુભેચ્છાઃ પરિષદના ઉપપ્રમુખશ્રી તરંગભાઈ હાથીએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, શ્રી નિશીથ ધોળકિયા ખજાનચી તરીકે પોતાની ઉત્કૃષ્ટ સેવાઓ આપીને સંસ્થાના નાણાકીય અને વહીવટી માળખાને વધુ મજબૂત બનાવશે.
?મહામંડળના હોદ્દેદારો તથા અગ્રણીઓની શુભકામનાઓઃ સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળના મંત્રીશ્રી નમન રાજા, શ્રી જયેશભાઈ મહારાજા, શ્રી જનકભાઈ મહેતા, શ્રીમતી ચેતનાબેન બુચ, શ્રી રાજુભાઈ કિકાની તેમજ શ્રી વિપુલભાઈ પોટા દ્વારા પણ શ્રી નિશીથભાઈને આ નૂતન જવાબદારી બદલ હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.
?કચ્છ-ભુજ સમાજનું ગૌરવઃ કચ્છ-ભુજ નાગર સમાજના પ્રમુખશ્રી અતુલભાઈ મહેતા, હાટકેશ સેવા મંડળના પ્રમુખ અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા સેવાકીય અગ્રણીશ્રી વિભાકર ભાઈ અંતાણી, શ્રી આશિષભાઈ વૈદ્ય, શ્રી અક્ષયભાઈ અંતાણી તેમજ શ્રીમતી જયશ્રીબેન હાથીએ ખાસ અભિનંદન પાઠવી ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.
?અન્ય શહેરોના પ્રમુખશ્રીઓઃ આ ઉપરાંત રાજકોટ, સુરેન્દ્રનગર અને પાટણ નાગર સમાજના પ્રમુખશ્રીઓ દ્વારા પણ તેમને આ નૂતન જવાબદારી બદલ વિશેષ હાર્દિક શુભકામનાઓ અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

# પિતૃદેવો ભવ-શ્રીમદ્ ભાગવત, મહાભારત અને ગરુડ પુરાણના સંદર્ભમાં શ્રાદ્ધ પક્ષનું સનાતન રહસ્ય

યશપાલસિંહ ટી વાઘેલા-થરા

આજે જગત જનની આરાસુરના ગોખવાળી માઁ અંબે ભવાનીનો ભાદરવી પૂનમનો મેળો સંપન્ન થશે જેની સાથે આજે પ્રથમ શ્રાદ્ધથી ૧૬ દિવસીય પિતૃ પર્વની શરૂઆત થશે. તો આપણે જોઈએ તો જ્યાં શ્રદ્ધા છે ત્યાં જ શ્રાદ્ધ છે, સનાતન ધર્મમાં મૃત્યુને અંત નથી માન્યો, તે એક પડાવ છે.જીવાત્મા પોતાની યાત્રામાં ત્રણ ઋણ લઈને જન્મે છે - દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ. દેવઋણ યજ્ઞથી,ઋષિઋણસ્વાધ્યાય થી અને પિતૃઋણ શ્રાદ્ધથી ઉતરે છે. શ્રદ્ધયા ક્રિયતે યત્ તત્ શ્રાદ્ધમ્' - જે કર્મ અતૂટ શ્રદ્ધા અને સમર્પણથી કરવામાં આવે તે જ શ્રાદ્ધ છે.આજે આપણે જે છીએ તે આપણા પિતૃ ઓના તપ,સંસ્કાર અને આશીર્વાદ નું ફળ છે.તેમને ભૂલી જવાએ આપણા અસ્તિત્વને ભૂલવા બરાબર છે. એટલા માટે આપણા મહાન ગ્રંથો શ્રીમદ્ ભાગવત મહાપુરાણ, મહાભારત અને ગરુડ પુરાણમાં શ્રાદ્ધ પક્ષનું મહિમા અત્યંત વિસ્તારથી સમજાવ્યું છે.

વિક્રમ સંવત પ્રમાણે ભાદરવા માસ ના વદ પક્ષની એકમથી અમાસ સુધીના ૧૫ દિવસના કાળને મહા લય કે પિતૃ પક્ષ કહેવામાં આવે છે આ વર્ષે ૨૦૨૬માં આ પવિત્ર પક્ષ ૨૬ સપ્ટેમ્બરથી ૧૦ ઓક્ટોબર સર્વ પિતૃ અમાવસ્યા સુધી રહેશે.

ગરુડ પુરાણના સંદર્ભમાં શ્રાદ્ધ આત્માની ૧૬ દિવસની યાત્રા શ્રાદ્ધ નું સૌથી પ્રમાણભૂત વર્ણન ગરુડ પુરાણના'પ્રેતકાંડ અને 'સારોદ્ધારમાં મળે છે.

ગરુડ પુરાણ કહે છે-જ્યારે જીવનું મૃત્યુ થાય છે,ત્યારે યમદૂતો તેને યમ લોક લઈ જાય છે.પૃથ્વીલોકથી યમ લોકનું અંતર ૮૬૦૦૦ યોજન છે. અને આત્માને આ યાત્રા કરવામાં એક વર્ષ લાગે છે. આ એક વર્ષ દરમિયાન તેને ભૂખ-તરસ ખૂબ લાગે છે.

★શ્લોક છેઃ★તસ્માત્ શ્રાદ્ધં તુ કર્તવ્યં પિતૃણાં તૃપ્તિ હેતવે .'તૃપ્તેષુ પિતૃષુ તૃપ્યન્તિ સર્વે લોકાઃ સદેવતાઃ

ભગવાન વિષ્ણુ ગરુડજીને કહે છે કે,ભાદરવા કૃષ્ણ પક્ષ શરૂ થતાં જ પિતૃઓ પોતાના પુત્રો પાસેથી જળ અને પિંડની આશા રાખીને પૃથ્વી પર આવે છે. જો પુત્ર શ્રાદ્ધ ન કરે તો પિતૃ નિરાશ થઈને શ્રાપ આપીને પાછા જાય છે.અને જો પિંડદાન અને તર્પણથી તૃપ્ત થાય તો તે 'પિતૃ લોકમાં ઉચ્ચ ગતિ પામે છે અને વંશજોને આયુષ્ય,પુત્ર,યશ અને મોક્ષના આશીર્વાદ આપે છે.ગરુડ પુરાણમાં સ્પષ્ટ કહ્યું છે કે કાળા તલ વગરનું શ્રાદ્ધ અને કુશ વગરનું તર્પણ પિતૃઓ ગ્રહણ કરતા નથી, કારણ કે કાળા તલની ઉત્પત્તિ વિષ્ણુના પરસેવામાંથી થઈ છે.

મહાભારતના સંદર્ભમાં શ્રાદ્ધ-ભીષ્મ પિતામહનો ઉપદેશ મહાભારતના અનુશાસન પર્વમાં યુધિષ્ઠિર ભીષ્મ પિતામહને પૂછે છે કે ×પિતામહ,પિતૃ ઓને તૃપ્તિ કેવી રીતે મળે છે?×ત્યારે શરશૈયા પર સૂતેલા ભીષ્મજી ત્રણ મહત્વની વાતો કહે છેઃનિમિ મહારાજ અને અત્રિ ઋષિનો સંવાદ સૌ પ્રથમ શ્રાદ્ધનો પ્રારંભ મહર્ષિ નિમિએ કર્યો હતો. તેમણે પોતાના પુત્રના મૃત્યુ પછી અત્રિ ઋષિની આજ્ઞાથી શ્રાદ્ધ કર્યું. તેથી આને 'શ્રાદ્ધકલ્પ પણ કહે છે.

દાનવીર કર્ણની કથા આ સૌથી પ્રસિદ્ધ કથા છે.કર્ણે જીવનભર સોનાનું દાન કર્યું પણ ક્યારેય અન્ન દાન કર્યું નહોતું.સ્વર્ગમાં તેને સોનું પીરસવામાં આવ્યું.ત્યારે ઈન્દ્રએ તેને ૧૫-૧૬ દિવસ માટે પૃથ્વી પર પાછા મોકલ્યા અને કર્ણે આ ૧૫- ૧૬ દિવસમાં પોતાના પિતૃઓ માટે અન્નનું દાન કર્યું.તે જ ૧૫-૧૬દિવસ પિતૃ પક્ષ કહેવાયા.

ભીષ્મજીનો સાર ભીષ્મજી કહે છે કે, શ્રાદ્ધમાં બ્રાહ્મણ ભોજન કરાવવું એટલે સાક્ષાત પિતૃઓને ભોજન કરાવવું. બ્રાહ્મણના પગ ધોવાથી પિતૃઓ પ્રસન્ન થાય છે.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના સંદર્ભમાં પિતૃભક્તિ શ્રીમદ્ ભાગવતમાં સીધા શ્રાદ્ધની વિધિ કરતાં પિતૃભક્તિના આદર્શો વધુ બતાવ્યા છે.

કપિલ મુનિ અને દેવહૂતિનો પ્રસંગઃ સાંખ્ય શાસ્ત્રના પ્રણેતા કપિલ ભગવાને પોતાની માતા દેવહૂતિને તત્વજ્ઞાન આપીને મુક્ત કર્યા. આ બતાવે છે કે પુત્રનું કર્તવ્ય માત્ર પિંડદાન નથી,માતા-પિતાને ભવ સાગરમાંથી મુક્ત કરવા એ પણ શ્રેષ્ઠ શ્રાદ્ધ છે.

ધુંધુકારીની કથા-ગોકર્ણની કથાઃ ભાગવતના છઠ્ઠા સ્કંધમાં ધુંધુકારી પ્રેત બન્યો હતો. તેના ભાઈ ગોકર્ણે ભાગવત સપ્તાહ અને ગયામાં પિંડ દાન કરાવીને તેને પ્રેતયોનિમાંથી મુક્ત કરાવ્યો. આ કથા સ્પષ્ટ કરે છે કે ખોટા કર્મોથી જીવ પ્રેત બને છે અને શાસ્ત્રીય શ્રાદ્ધ તથા ભગવત કથા જ તેને મુક્તિ અપાવે છે.

રાજા ભરત અને જડભરત ભાગવતમાં કહ્યું છે કે પિતૃઓની સેવા કરવીએ ભગવાન ની સેવા સમાન છે.

શ્રાદ્ધ વિધિઓનું આધ્યાત્મિક વિજ્ઞાન આપણા ઋષિઓએ જે વિધિઓ બનાવી છે તેની પાછળ ઊંડું વિજ્ઞાન છેઃતર્પણઃદક્ષિણ દિશા તરફ મુખ રાખી, જનોઈને જમણા ખભા પર (પ્રાચીનાવીતી)કરીને કાળા તલ અને કુશ સાથે×? પિતૃ ભ્યો નમઃ×બોલીને જળ આપવું. જળએ ચંદ્રનો કારક છે અને પિતૃ ઓ ચંદ્રલોકમાં વસે છે, તેથી જળ દ્વારા તૃપ્તિ ઝડપથી પહોંચે છે.

પિંડદાનઃગરુડ પુરાણ કહે છે-પિંડ દાન વિના પ્રેતત્વં ન ગચ્છતિ- પિંડ વગર આત્માને સૂક્ષ્મ શરીર મળતું નથી.ચોખાના ત્રણ પિંડ એટલે પિતા પિતામહ અને પ્રપિતામહ.

પંચબલી-વસુધૈવ કુટુંબકમનો ભાવ ગાય,કાગડો,કૂતરો,દેવ અને કીડી - આ પાંચને ભોજન આપવાથી પાંચ તત્વોની શુદ્ધિ થાય છે. ખાસ કરીને કાગડાને પિતૃઓના દૂત માનવામાં આવે છે.

શ્રાદ્ધ એટલે કૃતજ્ઞતાનો ઉત્સવ આમ,ગરુડ પુરાણ આપણને ડરાવીને સમજાવે છે કે શ્રાદ્ધ ન કરવાથી શું થાય,મહાભારત આપણને ઈતિહાસ દ્વારા સમજાવે છે કે શ્રાદ્ધ કેવી રીતે શરૂ થયું, અને શ્રીમદ્ ભાગવત આપણને પ્રેમથી સમજાવે છે કે પિતૃઓને સાચી મુક્તિ કેવી રીતે આપવી.

શ્રાદ્ધ પક્ષ કોઈ અશુભ પક્ષ નથી. તે આપણા મૂળ સાથે જોડાવાનું પર્વ છે.આ દિવસોમાં નવા કામ ન કરવાનું કારણ એ છે કે આ દિવસો આત્મચિંતન માટે છે.જેના પિતૃઓ પ્રસન્ન છે, તેના ઘરમાં દેવતાઓ પણ પ્રસન્ન રહે છે.માટે આ ૨૬ સપ્ટેમ્બર થી ૧૦ ઓક્ટોબર ૨૦૨૬દરમિયાન આપણે સૌ સંકલ્પ કરીએ-માત્ર મંત્રથી નહીં, પણ આપણા સારા કર્મો,સારા સંસ્કાર અને માતા-પિતા ની જીવતે જીવ સેવા કરીને તેમને સાચી શ્રદ્ધાંજલિ આપીએ.કારણ કે જીવતા માતા-પિતાની સેવા એ સૌથી મોટું જીવત શ્રાદ્ધ છે. અભિવાદનશીલસ્ય નિત્યં વૃદ્ધોપસેવિનઃ ચત્વારિ તસ્ય વર્ધન્તે આયુર્વિદ્યા યશો બલમ્.

પિતૃદેવો ભવ, માતૃદેવો ભવ ?

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા તા ઓગડ જિ બનાસકાંઠા

# પાણીનો વેડફાટ અટકાવવા તંત્રની ચેતવણી : નિયમ ભંગ કરનાર સામે દંડનીય કાર્યવાહી કરાશે

જામનગર મહાનગરપાલિકા કમિશનર દીપેશ કેડિયાએ વોર્ડ નં. ૧૬માં સરપ્રાઇઝ ચેકિંગ કરતા જાહેરમાં કચરો ફેંકતા લોકોને કડક તાકીદ કરી હતી. તેમણે નાગરિકોને સ્વચ્છતા જાળવવા અપીલ કરી, અન્યથા દંડનીય કાર્યવાહીની ચેતવણી આપી હતી. કમિશનરે સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરી અધિકારીઓને ત્વરિત નિકાલની સૂચના આપી. પાણીનો બિનજરૂરી વેડફાટ ટાળવા પણ અપીલ કરાઈ.જામનગર શહેરના વોર્ડ નં.૧૬માં મહાનગરપાલિકા કમિશનર દીપેશ કેડિયાએ કામગીરીનું જાત નિરીક્ષણ કરવા સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન જાહેરમાં કચરો ફેંકવામાં આવતો હોવાનું ધ્યાને આવતા કમિશનરે સ્થળ પર જ સંબંધિતોને કડક શબ્દોમાં તાકીદ કરી હતી. જાહેરમાં ગંદકી કરવાનું ટાળવા અને શહેરની સ્વચ્છતા જાળવવા નાગરિકોને અપીલ સાથે આગામી દિવસોમાં નિયમોનો ભંગ કરનાર સામે દંડનીય કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી હતી.



કમિશનર દીપેશ કેડિયા સાથે નાયબ કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા સહિતના અધિકારીઓ તથા સંબંધિત શાખાના કર્મચારીઓ ચેકિંગમાં જોડાયા હતા. સમગ્ર વિસ્તારમાં સફાઈની કામગીરીનું નિરીક્ષણ કરી સફાઈ ટીમને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. કચરો તથા કાટમાળ તાત્કાલિક દૂર કરવા માટે પણ સંબંધિત ટીમને સૂચના આપવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન કમિશનરે સેનિટરી ઈન્સ્પેક્ટર તથા અન્ય કર્મચારીઓ પાસેથી વિસ્તારમાં ચાલી રહેલી સફાઈ કામગીરી અંગે માહિતી મેળવી હતી. તેમજ સ્થાનિક નાગરિકો સાથે વાતચીત કરી સફાઈ, કચરા સંગ્રહ અને અન્ય સમસ્યાઓ અંગેનો પ્રતિસાદ મેળવ્યો હતો.આ ઉપરાંત નાગરિકોની રજૂઆતોનો ત્વરિત નિકાલ કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. પીવાના પાણીનો બિનજરૂરી વેડફાટ અટકાવવા પણ નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

# એએમએની ૬૯મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ અને હોદ્દેદારોની પુનઃ નિમણૂક કરવામાં આવી



અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ)ની ૬૯મી વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર, ૨૪સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ યોજવામાં આવી હતી, અને આ દરમ્યાન એએમએના હોદ્દેદારોની ટીમની સફળતાપૂર્વક પસંદગી કરવામાં આવી હતી. હેસ્ટર બાયોસાયન્સિસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી રાજીવ ગાંધીની એએમએના પ્રમુખ તરીકે; અને અંબાલાલ સારાભાઈ એન્ટરપ્રાઇઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મોહલ સારાભાઈની એએમએના ઉપપ્રમુખ તરીકે પુનઃ નિમણૂક કરવામાં આવી છે. એએમએ ૭૦મા વર્ષમાં પ્રવેશ કરીને ૨૦૨૬-૨૭માં તેની પ્લેટિનમ જ્યુબિલીની ઉજવણી કરી રહ્યું છે. ૭૦ એએમએઝિંગ વર્ષના ભાગરૂપે, એએમએ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન સુપ્રતિષ્ઠિત વક્તાઓ સાથેના વિશિષ્ટ કાર્યક્રમો અને ફ્લેગશિપ ઈવેન્ટ્સની શ્રેણીનું આયોજન કર્યું છે. હોદ્દેદારોએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, તેના સભ્યો અને સમુદાયના સહયોગથી એએમએ વધુ સીમાચિન્હો હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે. એએમએ ડો. વિક્રમ સારાભાઈના મહાન વારસાને આગળ ધપાવશે અને મેનેજમેન્ટના ક્ષેત્રમાં એએમએના શ્રેષ્ઠતાના મિશનને વધુ મજબૂત બનાવશે. કૃપા કરીને જોડાયેલ ફોટોગ્રાફ જુઓ. વધુ વિગતો માટે કૃપા કરીને એએમએનો ૦૭૯-૨૬૩૦૮૬૦૧ પર સંપર્ક કરો અથવા એએમએ વેબસાઇટની મુલાકાત લોઃ




તા.૨૬-૯-૨૦૨૬ શનિવાર ભાદરવા સુદ પૂનમે બપોર બાદ ૩-૩૦ થી સાંજે ૫-૩૦ દરમ્યાન અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના આધ્ય સંસ્થાપક-સંરક્ષક નારી જાગરણના પ્રણેતા પ.પૂ.વંદનીય માતજી ભગવતી દેવી શર્માની પૂણ્ય તિથી મહાપ્રયાણ દિવસ નિમિત્તે ગાયત્રી પરિવાર નારણપુરા-લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલ દ્વારા ગાયત્રી મંત્ર-મહામૃત્યુંજયના મંત્રોચ્ચાર ધૂન-ભજન-સંગીત સાથે ગાયત્રી દિપયજ્ઞ પૂજન અર્ચન પૂર્વક ભક્તિમય માહોલમાં શ્રીપ્રવીણભાઈ એમ.પટેલના સંગીત વૃંદના સહયોગમાં શ્રધ્ધાપૂર્વક ભાવ ભીની શ્રધ્ધાજંલિ સમર્પિતનું ગાયત્રીપરિવારજનો,આમંત્રિતોની ઉપસ્થિતમાં આયોજન રાખેલ છે.કાર્યક્રમ દરમ્યાન નિઃશુલ્ક પ.પૂ.ગુરુદેવ પં.શ્રીરામ લિખિત સદ્ સાહિત્ય,ગાયત્રી ચાલીસા,મંત્ર લેખન બુક,પ્રસાદ વિતરણ.આ પ્રસંગે સ્વ ગૃહે સાંજે ૭-૦૦ વાગે ગાયત્રીમંત્ર-મહામૃત્યુંજયના મંત્રોચ્ચાર સાથે ૫ દિપકનું પ્રાગટ્ય કરવું સૌને સદ્ બુદ્ધિ ઉજજવળ ભવિષ્ય નિરામય જીવન પ્રાપ્ત થાઓ તેવા ભાવ સાથે હાજર સૌએ પ્રાર્થના કરવી.



અમદાવાદમાં. વાડજ માં.આઝાદ સ્વીટ માર્ટ પાસે આવેલ હરે કૃષ્ણ ટાવરમાં મિશ્રા પરિવાર દ્વારા સાથે ગ્રુપની અનેક લેડીસો સાથે ગણપતિના ૩૦ વર્ષથી બિરાજમાન તેવા મિશ્રા પરિવારના ઘરમાં ખૂબ આનંદ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે સાથે ગણપતિ દાદા ના આશીર્વાદ લેવામાં આવે છે... અમદાવાદ થી હિતેશ દવે ની રિપોર્ટ

# અંજલિ ડેન્ટલ ક્લિનિક, ગોધરા દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત નિઃશુલ્ક મેગા ડેન્ટલ કેમ્પ યોજાયો



દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મદિવસ તથા જનસેવાના ગૌરવવંતા ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં ચાલી રહેલા ×સેવા સંકલ્પ અભિયાન× અંતર્ગત આજરોજ અંજલિ ડેન્ટલ ક્લિનિક, ગોધરા ખાતે નિઃશુલ્ક મેગા ડેન્ટલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ૧૮૦થી વધુ દર્દીઓએ નિઃશુલ્ક દાંતની તપાસનો લાભ લીધો હતો, જ્યારે ૭૦ જેટલા દર્દીઓના નિઃશુલ્ક ઠ-ઈઠ્ઠઅ કરવામાં આવ્યા હતા. કેમ્પમાં ઉપસ્થિત તમામ દર્દીઓને ક્લિનિક તરફથી ડેન્ટલ અવેરનેસ કીટ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.આ પ્રસંગે અંજલિ ડેન્ટલ ક્લિનિકના ડો. ચિરાગ ઠાકરે જણાવ્યું હતું કે, ×અંજલિ ડેન્ટલ ક્લિનિક હંમેશા દર્દીઓના સંતોષ અને આધુનિક ઉત્તમ સારવાર માટે પ્રતિબદ્ધ રહ્યું છે. આ સેવાકીય કાર્યક્રમની પ્રેરણા મારા પિતાશ્રી શ્રી શૈલેષભાઈ ઠાકર તરફથી મળી હતી, જેના થકી આ સુંદર કાર્યક્રમનું સફળ આયોજન થઈ શક્યું છે.×

આ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા ભાજપ પ્રભારી શ્રી હર્ષદભાઈ વસાવા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મયંકભાઈ દેસાઈ, જિલ્લા મહામંત્રી શ્રી કુલદીપસિંહ સોલંકી, ગોધરા નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યશ્રીઓ, શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, ભારત વિકાસ પરિષદ, ગોધરા શાખાના સૌ હોદ્દેદારો પંચમહાલનું ઘરેણુ લોકગાયિકા અનીતાબેન ગઢવી સોનલબેન બારોટ, અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ અંજલિ ડેન્ટલ ક્લિનિકની આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી અને તેને વડાપ્રધાનશ્રીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના મંત્રને સાકાર કરતું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું.

અંતમાં અંજલિ ડેન્ટલ ક્લિનિક અને ઠાકર પરિવાર દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



ઘોડાસર નિગમ સોસાયટીમાં ઘરે ગણપતિ ની આરતી કરી વિદાય આપવામાં આવી હતી. તસવીર : વસંત મહેતા

# લોયાધામને આંગણે ભવ્ય જલઝીલણી ઉત્સવની ઉજવણીઃ બાળકોને ફ્રુટ સલાડ પ્રસાદનું વિતરણ કરાયું



શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ ખાતે પૂજ્યપાદ સદ્ગુરુવર્ય શાસ્ત્રીશ્રી ઘનશ્યામ પ્રકાશદાસજી સ્વામીની પાવન પ્રેરણાથી જલઝીલણી એકાદશીના પવિત્ર અવસરે દિવ્ય જલઝીલણી ઉત્સવ ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં સંતો અને હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ઉત્સવના ભાગરૂપે લોયાધામની શેરીઓમાં શ્રી ઠાકોરજી મહારાજની ભવ્ય પાલખી યાત્રા (નગરયાત્રા) કાઢવામાં આવી હતી. ગામના ગલીએ-ગલીએ ભક્તોએ કીર્તન-ધૂન સાથે સામૈયા કરી ઠાકોરજીના દર્શનનો દિવ્ય લાભ લીધો હતો. ત્યારબાદ ભગવાન શ્રીહરિના પ્રસાદીભૂત ઐતિહાસિક પાતાળીયા કુવા સમીપે ઠાકોરજીને નૌકાવિહાર કરાવીને શાસ્ત્રોક્ત વિધિથી જલઝીલણી ઉત્સવ મનાવાયો હતો. આ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત સંતો અને ભાવિકો દ્વારા ઠાકોરજી મહારાજનો દૂધથી દિવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો.

×દીનજન સેવા એ જ પ્રભુ સેવા×નું અનોખું ઉદાહરણઃ લોયાધામ સંસ્થા દ્વારા આ અવસરે એક પ્રશંસનીય સામાજિક કાર્ય કરવામાં આવ્યું હતું. ભાદરવા મહિનાની આકરી ગરમીને ધ્યાનમાં રાખીને, ભગવાનના અભિષેકવાળા પ્રસાદીભૂત દૂધમાંથી ઉત્તમ ગુણવત્તાયુક્ત ફ્રુટ સલાડ તૈયાર કરવામાં આવ્યું હતું. આ ઠંડુ અને સ્વાદિષ્ટ ફ્રુટ સલાડ આસપાસના વિસ્તારના બાળકોમાં પ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના આ માનવતાવાદી કાર્યને સ્થાનિક અગ્રણીઓ અને ભક્તોએ ખૂબ જ બિરદાવ્યું હતું. સમગ્ર ઉત્સવ હરિભક્તો માટે આધ્યાત્મિક અને સામાજિક સેવાનો ત્રિવેણી સંગમ બની રહ્યો હતો.



આજ રોજ નોબલનગર ગુજરાતી પ્રાથમિક શાળા-૩ અમદાવાદ માં શાળાના શ્રેષ્ઠ શિક્ષક પૂર્વેશભાઈ પંચાલના સંકલનથી તેમજ ગુજરાતી શાળા નંબર ૩ અને ૧ના મુખ્ય શિક્ષકશ્રી જગદીશભાઈ પટેલ તેમજ વિમલભાઈ પટેલના સહકારથી તલગાજરડા તા. મહુવા,ભાવનગર ના રાજ્ય અને રાષ્ટ્રીય પારિતોષિક એવોર્ડ વિજેતા શિક્ષક જીતેન્દ્ર વાજા ને આમંત્રણ આપતા તેઓએ ભારવગરના ભણતર માટે વિવિધ,જાદુઈ કલા અને અભિનય પ્રવૃતિ દ્વારા બાળકોમાં નવી ઉર્જા પ્રસ્થાપિત કરેલ.

અનેક પકારની હાસ્ય રસિક વાતો અને શારીરિક તેમજ બૌદ્ધિક તરકીબો દ્વારા મનોરંજન પ્રવૃતિઓ સાથે. બાળકોને શાળામાં આવવું ગમે, રોકાવાનું ગમે અને ભારવગરનું ભણતર ગમે તે માટે બાળકોને કઠપૂતળી દ્વારા અને જાદુઈ પ્રવૃતિ દ્વારા વ્યસન મુક્તિ અને પક્ષી પ્રવૃતિ સાથે પર્યાવરણ સંદેશ આપવામાં આવ્યો. આ શ્રેષ્ઠ શિક્ષક દ્વારા ધોરણ ૬ થી ૮ ના તમામ ૩૭૫ જેટલા બાળકોને આત્મવિશ્વાસ જાગૃતિ માટે અને અંધ શ્રધ્ધાના બદલે વૈજ્ઞાનિક ટેકનિકના ઉપયોગ માટે ખાસ પ્રેરણા આપવામાં આવી. સમગ્ર દેશમાંથી આ શિક્ષકને ૪૦ જેટલા એવોર્ડ પ્રાપ્ત થયા છે.પૂ.મોરારિબાપુની કૃપાથી અને તેમની પ્રેરણાથી તેઓ સતત આ કાર્ય પ્રવૃતિ આખા ગુજરાતની સરકારી પ્રાથમિક શાળામાં સાવ નિસ્વાર્થ ભાવે આપી રહ્યા છે.તમામ શાળાના શિક્ષકો દ્વારા ખૂબ સુંદર વ્યવસ્થા કરેલ હતી.



અંબાજી ખાતે દર વર્ષની પરંપરા મુજબ સમરસતા યાત્રા અને માતાજી ને ધ્વજા ચડાવવામાં આવી. સામાજિક સમરસતા મંચ ગુજરાત ધ્વારા અંબાજી ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન અંબાજી ખાતે માં અંબાના ધામને પવિત્ર રાખવા માટે દિવસ રાત સખત પરિશ્રમ કરી મેળાની શોભા વધારતા સ્વચ્છતા કર્મીઓ ની અંબાજી ખાતે મુખ્ય માર્ગ પર સમરસતા યાત્રા અને માતાજીને ધ્વજા ચડાવવામાં આવી.આ કાર્યક્રમમાં ધાનેરા નગરપાલિકાના રામભાઈ સોલંકી તમામ સફાઈ કર્મીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા. તમામ સફાઈ કર્મીઓ ને. પ્રસાદ વિતરણ કરવામાં આવી.

**ત્રણ દાયકાથી BPAના સેવાકાર્યોમાં પરમહંસ યોગાનંદ ટ્રસ્ટનો સહયોગ**

# બારેજા BPA આઈ હોસ્પિટલમાં ૪૦ આંખની સર્જરી માટે રૂ. ૧.૩૬ લાખની સહાય

અમદાવાદ, ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬: પરમહંસ યોગાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ છેલ્લા ત્રણ દાયકાથી ★બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન (મ્છ઼)★ના સામાજિક વિકાસ અને દિવ્યાંગ કલ્યાણના વિવિધ પ્રકલ્પોમાં સતત સહયોગ આપી રહ્યું છે. વર્ષોથી ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગોના કલ્યાણ માટે રૂ. ૫૦ લાખથી વધુનું યોગદાન આપવામાં આવ્યું છે.

આ સેવાકાર્યને આગળ વધારતાં ટ્રસ્ટના સભ્યો શનિવાર, ૨૬ સપ્ટેમ્બરે બારેજા સ્થિત મ્છ઼ આઈ હોસ્પિટલની મુલાકાત લેશે. આ પ્રસંગે જરૂરિયાતમંદ દર્દીઓની ૪૦ આંખની સર્જરી માટે રૂ.



૧,૩૬,૦૦૦ની આર્થિક સહાય (સ્પોન્સરશિપ) આપવામાં આવશે.

આ સહાયનો મુખ્ય હેતુ આર્થિક રીતે જરૂરિયાતમંદ દર્દીઓને આંખની સારવાર અને સર્જરીની સુવિધા ઉપલબ્ધ કરાવી તેમને દૃષ્ટિ પુનઃપ્રાપ્તિ તરફ આગળ વધારવાનો છે.

પરમહંસ યોગાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ સાથે જોડાયેલા સભ્યો શિક્ષણ, વ્યવસાય અને સમાજસેવા જેવા વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીના ભાગરૂપે માનવસેવામાં યોગદાન આપી રહ્યા છે.

આ પ્રસંગે ટ્રસ્ટ તરફથી સુધાબેન ખઝાંચી, શ્રીમતી રીટા દાસગુપ્તા – ભૂતપૂર્વ આચાર્ય, એન.આર. પ્રાઈમરી સ્કૂલ (ન્જી), શ્રીમતી વર્ષા તેંગ – આચાર્ય, સરકારી શાળા, જમ્મુ, તથા શ્રીમતી છવિ આનંદ – વ્યવસાયિક ઉપસ્થિત રહેશે.

પરમહંસ યોગાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ અને મ્છ઼ વચ્ચેનો ત્રણ દાયકાનો આ સેવાસંબંધ સેવા, સહયોગ અને માનવતાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યો છે.



ગાંધીનગર ખાતે રાજ્યસભા સાંસદ શ્રી રાજુભાઈ શુક્લના જનસેવા કાર્યાલયનું ઉદ્ઘાટન ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે કરવામાં આવ્યું.આ કાર્યાલય નાગરિકોની સેવા, પ્રશ્નોના નિરાકરણ અને જનકલ્યાણના કાર્યો માટે મહત્વપૂર્ણ માધ્યમ બનશે. કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ સહિત આગેવાનો, કાર્યકર્તાઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat